## પ્રવેશ પદ્ધતિ:

- ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવાતી CUET (UG)-2024 કે CUET (PG)-2024 અથવા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા લેવાતી ગૂજરાત વિદ્યાપીઠ એલિજિબિલિટી એન્ડ એફિકસી ટેસ્ટ ફોર એડમિશન (GEETA) પૈકી કોઈ એક પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરૂરી છે.
- પ્રવેશ પરીક્ષા OMR આધારિત પ્રકારની રહેશે.
- ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રવેશ પરીક્ષા સંદર્ભે કોઈપણ પ્રકારનાં સાહિત્ય કે અભ્યાસ-સામગ્રી પૂરાં પાડવામાં આવશે નહી.
- ઉમેદવારે પોતે પસંદ કરેલ કેન્દ્ર પર પ્રવેશ પરીક્ષા માટે સ્વ-ખર્ચે રૂબરૂ ઉપસ્થિત રહેવું.
- પ્રવેશ પરીક્ષા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્યમમાં યોજાશે.
- પ્રવેશ પરીક્ષા(GEETA)માં પ્રશ્ન-સંખ્યા 60 અને જેના માટેનો સમયગાળો ૧૦ મિનિટનો રહેશે.

**પ્રવેશ કસોટી (GEETA) નું માળખું:**

**UG/ PG/ PG Diploma અભ્યાસક્રમ માટે**

| ક્રમ | વિષયવસ્તુ | ગુણ ભારાંક |
|---|---|---|
| 1 | સામાન્ય જ્ઞાન અને વર્તમાન બાબતો | 10 |
| 2 | સંખ્યાત્મકતા, તર્ક અને સામ્યતા | 10 |
| 3 | મૂળભૂત ભાષા (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) | 10 |
| 4 | માહિતી અને સંચાર ટેકનોલોજી (ICT) | 10 |
| 5 | ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા | 20 |
| | કુલ ગુણ | 60 |

નોંધ – ક્રમ 1 થી 4 માટે વિષયવસ્તુની કક્ષા ધોરણ 12 સુધીનું રહેશે.

ક્રમ 5 નવજીવન પ્રકાશન મંદિર પ્રકાશિત ગાંધીજીની ‘સંક્ષિપ્ત આત્મકથા’ જે તમે નીચેની લીંક દ્વારા ડાઉનલોડ પણ કરી શકશો https://eshabda.online/navajivan/original/atmkathasgf/

**નોંધ :**

1. જો કોઈ વિદ્યાર્થીએ લઘુત્તમ લાયકાતની પરીક્ષા આપી હોય અને પરિણામ જાહેર ન થયું હોય તે વિદ્યાર્થી સંબંધિત UG/PG અભ્યાસક્રમ માટે અરજી કરી શકે છે અને GEETA માં હાજર રહી શકે છે.
2. તારીખ 31 ઓગસ્ટ, 2024 સુધીમાં લઘુત્તમ લાયકાત માટેના જરૂરી દસ્તાવેજ વિદ્યાર્થી જમા ન કરાવી શકે, તો તે વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે.
3. BPES, B.P.Ed., M.P.Ed., અભ્યાસક્રમ માટે ફિઝિકલ ફિટનેસ ટેસ્ટમાંથી પસાર થવું ફરજિયાત છે. જે ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, મુ. સાદરા, તા. જિ. ગાંધીનગર ખાતે યોજાશે.

## પરીક્ષા કેન્દ્ર:

| કચ્છ | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | | દક્ષિણ ગુજરાત | સૌરાષ્ટ્ર | |
|---|---|---|---|---|---|---|
| ભુજ | પાટણ | અમદાવાદ | ગોધરા | ભરૂચ | અમરેલી | પોરબંદર |
| | હિંમતનગર | ગાંધીનગર | બોડેલી | કામરેજ | ભાવનગર | રાજકોટ |
| | મહેસાણા | નડિયાદ | દાહોદ | નવસારી | જામખંભાળીયા | સુરેન્દ્રનગર |
| | મોડાસા | આણંદ | | રાજપીપળા | જામનગર | વેરાવળ |
| | પાલનપુર | વડોદરા | | સોનગઢ | જૂનાગઢ | |
| | | | | વલસાડ | | |
| | | | | વાંસદા | | |

અસ્વીકરણ : કોઈપણ કારણે નિશ્ચિત કરાયેલાં કેન્દ્રોમાં બદલાવ આવી શકે છે.

## GEETAનું આયોજન

| | |
|---|---|
| કસોટીની તારીખ | 11-05-2024 |
| રિપોર્ટિંગનો સમય | 10:00 AM |
| હાજરી અને સૂચનાઓ | સવારે 10:30 થી 10:55 સુધી |
| કસોટીનો સમય | સવારે 11:00 થી 12:30 વાગ્યા સુધી |

ઉમેદવાર 03.05.2024 ને શુક્રવારના રોજ બપોરે 2:00 વાગ્યા પછી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકે છે.

## મેરિટ લિસ્ટ:

- તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ CUET/GEETA ને આધીન રહેશે.
- મેરિટ લિસ્ટ NTA દ્વારા લેવાયેલ CUET-2024 UG/PG અથવા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા લેવાયેલ પ્રવેશ પરીક્ષા (GEETA)માં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.
- મેરિટ લિસ્ટ બનાવતી વખતે ગુણાંકને આધારે મેરિટ ક્રમ આપવામાં આવશે.
- CUETના મેરિટ ક્રમને અગ્રતાક્રમ આપી CUET અને GEETAના મેરિટ ક્રમને સળંગ ગણી મેરિટ લિસ્ટ બનાવવામાં આવશે.
- પ્રત્યેક અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ અનામત બેઠકોની ફાળવણી અનુસાર મેરિટ લિસ્ટ મુજબ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે.
- કેન્દ્ર સરકારના નિયમો અનુસાર અનામત બેઠકોની વિષય પ્રમાણે ફાળવણી કરવામાં આવશે. વણ ભરાયેલ અનામત બેઠકને નિયમ અનુસાર સામાન્ય બેઠકમાં તબદિલ કરવામાં આવશે.
- નિયત સમયપત્રક મુજબ પરામર્શનમાં ગેરહાજર રહેલા કે પ્રવેશ જતો કરેલ ઉમેદવારને જે તે સમયે ઉપલબ્ધ બેઠક હશે તો જ પ્રવેશ આપવામાં આવશે.
- પ્રવેશ કાર્યક્રમ-2024 અનુસાર પરામર્શન સમયે CUETનું ગુણાંકન ઉપલબ્ધ ન હોય તો, CUETના ઉમેદવારો માટે બેઠકો ઉપલબ્ધ રાખી ગૂજરાત વિદ્યાપીઠની વર્ષ-2024ની પ્રવેશ સમિતિ વિષય પ્રમાણે નિયત કરે તેટલી બેઠકોની GEETAના મેરિટ લિસ્ટ મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. CUETના ગુણાંકન ઉપલબ્ધ થયેથી તે બેઠકો માટે પરામર્શન હાથ ધરવામાં આવશે. આમ છતાં બેઠકો ખાલી રહે તો GEETAના મેરિટ ક્રમ અનુસાર બેઠકોની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નોંધ: ઉમેદવારે પ્રવેશ અંગેની છેલ્લામાં છેલ્લી (અદ્યતન) માહિતી મેળવવા માટે સમયાંતરે ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઇટ www.gujaratvidyapith.org જોતા રહેવું.

**<u>સમાન મેરિટ સ્કોર મેળવનાર ઉમેદવારો માટે અપનાવવામાં આવેલ માપદંડ</u>**

માપદંડ I - અંતિમ લાયકાત પરીક્ષાના ગુણને ધ્યાનમાં લેવામાં આવશે.

માપદંડ II - અગાઉની લાયકાત પરીક્ષાના ગુણને ધ્યાનમાં લેવામાં આવશે.

માપદંડ III –સંબંધિત વિષયના ગુણ.

માપદંડ IV –જન્મ તારીખ પ્રમાણે જે મોટા હશે તેને પ્રથમ તક મળશે.

નોંધ: ઉપરોક્ત માપદંડો લાગુ કર્યા પછી પણ, બે કે તેથી વધુ ઉમેદવારો પાસે સમાન સ્કોર હશે તો, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી પાસે અસમાનતાના નિરાકરણ માટે વિવેકાધીન સત્તા હશે. આ સંદર્ભે કુલપતિશ્રી દ્વારા લેવામાં આવેલ કોઈપણ નિર્ણય તમામ માટે માન્ય રહેશે અને મેરિટ નક્કી કરવા માટે અંતિમ રહેશે.